**પ્રધાનમંત્રી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિએ સંયુક્ત રૂપે ITER સુવિધાની મુલાકાત લીધી (ફેબ્રુઆરી 12, 2025)**

12 ફેબ્રુઆરી, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ, મહામહિમ શ્રી ઇમેન્યુઅલ મેક્રોએ આજે સંયુક્ત રૂપે કૈડારૈચેમાં આંતરરાષ્ટ્રીય થર્મોન્યૂક્લિયર પ્રયોગાત્મક રિએક્ટર [ITER] ની મુલાકાત લીધી. ITER ના મહા નિર્દેશક દ્વારા નેતાઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કોઈપણ રાજ્યના વડા અથવા સરકારના વડા દ્વારા ITER ની પહેલી મુલાકાત છે - જે આજે દુનિયાના સૌથી મહત્વાકાંક્ષી ફ્યુઝન એનર્જી યોજનામાંની એક છે.

2. આ મુલાકાત દરમિયાન, બંને નેતાઓએ ITER ની પ્રગતિનાં વખાણ કર્યાં, જેમાં દુનિયાની સૌથી મોટી ટોકામાકની એસેમ્બલીનો પણ સમાવેશ થાય છે, પ્લાઝ્માને બનાવી, નિયંત્રિત કરી અને અંતે તેને બાળીને 500 મેગાવૉટ ફ્યુઝન પાવરનું ઉત્પાદન કરવામાં આવશે. નેતાઓએ આ યોજનામાં કામ કરી રહેલ ITER એન્જિનિયરો અને અને વૈજ્ઞાનિકોના સમર્પણનાં પણ વખાણ કર્યાં હતાં.

3. ભારત છેલ્લા બે દાયકામાં આ યોજનામાં ફાળો આપનાર સાત ITER સભ્યોમાંથી એક છે. લગભગ 200 ભારતીય વૈજ્ઞાનિકો અને સહયોગીઓ, તેમજ એલ એન્ડ ટી, આઇનોક્સ ઇન્ડિયા, TCS, TCE, HCL ટેકનોલોજીસ જેવી નોંધપાત્ર ઉધોગ કંપનીઓ ITER યોજના સાથે સંકળાયેલ છે.

માર્સિલે

12 ફેબ્રુઆરી, 2025